

## દિલ્હી પબ્લિક સ્કૂલ ગાંધીનગરનું ગૌરવ

એસએજી સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ ખોખરા, અમદાવાદમાં ૧૦મી સબ જુનિયર નેશનલ સોફટ બોલ ટેનીસ ચેમ્પિયનશીપ ૨૦૧૭નું આયોજન તા. ૪થી ૮ જાન્યુઆરી દરમિયાન કરવામાં આવ્યું હતું. શાળાના વિદ્યાર્થી કુશ મહેતાએ આ ટૂર્નામેન્ટમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરીને દ્વિતિય સ્થાન પ્રાપ્ત કરેલ છે અને આ બદલ તેમને સિલ્વર મેડલ પ્રાપ્ત થયેલ છે. શાળા પરિવાર કુશની આ સિધ્ધિ બદલ તેમને અભિનંદન પાઠવે છે.

# તમામ ક્ષતિગ્રસ્ત ચેકડેમને મરામત દ્વારા પુનઃજીવન આપવાની બહુલક્ષી યોજના

ગુજરાતે અનેકવિધ ક્ષેત્રે દેશ અને દુનિયાને પોતાની વિકાસક્ષમતાનો પરિચય આપ્યો છે. જળસંચય ક્ષેત્રે ગુજરાતે જ્યારે અભિયાન ઉપાડ્યું ત્યારે વિશ્વ આખાએ તેની નોંધ લીધી હતી. રાજ્ય સરકારની સરદાર પટેલ સહભાગી જળ સંચય યોજનાથી માંડીને અનેકવિધ યોજનાઓના બળે ગુજરાતે જનભાગીદારી દ્વારા જોત જોતામાં ૧.૬૬ લાખ ચેકડેમનું નિર્માણ કર્યું હતું.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના કર્મઠ નેતૃત્વમાં પારદર્શિતા, સંવેદનશીલતા, નિર્ણાયકતા અને પ્રગતિશીલતાના પાયા ઉપર રાજ્ય સરકારે સાતત્યપૂર્ણ વિકાસલક્ષી દોટ મૂકી છે ત્યારે ચેકડેમો દ્વારા જનભાગીદારીના મહાયજ્ઞના પ્રસાદરૂપે મળેલી જળ સંપદાથી લોકો વંચિત રહે નહીં અને ભૂગર્ભ તળ સતત જીવંત રહે તેની ચિંતા પણ રાજ્ય સરકારે કરી છે. જેના ભાગરૂપે રાજ્ય સરકારે હયાત એવા તમામ ચેકડેમમાંથી ક્ષતિગ્રસ્ત એવા ચેકડેમની મરામત માટે પણ વ્યવસ્થિત આયોજન કર્યું છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી કહે છે, 'પાણી રોકવાની ઝૂંબેશના ભાગરૂપે જ્યાં જરૂર જણાઈ ત્યાં ચેકડેમ બાંધીને સરકાર અને લોકોએ ભગીરથ કાર્ય કર્યું. હવે આ ચેકડેમ મરામતના અભાવે બિનકાર્યક્ષમ બને તે આપણને પાલવે નહીં, આવા ચેકડેમને ઝડપથી, પારદર્શિતાથી મરામત કરી પુનર્જીવીત કરવાનું રાજ્ય સરકારે નક્કી કર્યું છે.' મુખ્યમંત્રીશ્રીના આ નિર્ધાર સાથે જ રાજ્યના જળસંપત્તિ વિભાગે રાજ્યભરના ક્ષતિગ્રસ્ત ચેકડેમોની મરામત કરવા માટે ખાસ આયોજન હાથ ધર્યું છે. અગાઉ સરદાર પટેલ સહભાગી જળ સંચય યોજના હેઠળના ચેકડેમોની મરામત સ્થાનિક સ્તરે લોકો દ્વારા કરવામાં આવતી હતી. જેના કારણે મરામતની કામગીરી પ્રત્યે પુરતું લક્ષ્ય અપાતું નહીં. હવે રાજ્ય સરકારે જ મરામતની નક્કર કામગીરી કરવાનું નક્કી કર્યું છે.

જળ સંપત્તિ વિભાગના સચિવ શ્રી એમ.કે.જાદવ જણાવે છે કે, 'મરામત યોજનાને કારણે હવે કોઈ ચેકડેમ પાણી વિના કે અવાવરું નહીં રહે.' આ સમગ્ર યોજનાની કાર્યપદ્ધતિ અંગે માહિતી આપતા તેમણે જણાવ્યુ હતું કે, જળસંપત્તિ વિભાગ હસ્તક રાજ્યમાં નોંધાયેલા ૯૧,૬૨૫ ચેકડેમો છે. આ તમામ ચેકડેમની મરામત અંગેની કામગીરી ટેન્ડર દ્વારા જ હાથ ધરવાનો સરકારે નિર્ણય કર્યો છે અને જરૂરત જણાય તેવા ક્ષતિગ્રસ્ત ચેકડેમોનું સતત મરામત કાર્ય કરવામાં આવી રહ્યું છે. આ વર્ષમાં જળસંપત્તિ વિભાગ દ્વારા ડિસેમ્બર-૨૦૧૬ અંત સુધીમાં રૂ.૬૫૫ લાખના ખર્ચે ૩૧૫ ચેકડેમની મરામત કામગીરી કરવામાં આવી છે.

આ જ રીતે રાજ્યના જુદા જુદા વિભાગ હસ્તકના બંધાયેલા ચેકડેમોની મરામત કામગીરી માટે પણ કાર્યપદ્ધતિ નક્કી કરાવવામાં આવી છે તે મુજબ સિંચાઈ વિભાગ કે પંચાયત વિભાગના જે ચેકડેમને નુકશાન થયું હોય તેની મરામત માટેની સૌદ્ધાંતિક મંજુરી માટે જે તે વિભાગના અધિક્ષક ઈજનેરશ્રીએ સંબંધિત મુખ્ય ઈજનેર અને અધિક સચિવશ્રીને દરખાસ્ત મોકલવાની રહેશે. જેમાં મરામત માટેના ચેકડેમની સંખ્યા, સંભવિત ખર્ચ સહિતની વિગતો આપવી પડશે. ત્યારબાદ સક્ષમ કક્ષાએથી વહીવટી મંજૂરી મેળવી ટેન્ડર મારફત અથવા જિલ્લાવાર મંજુર કરેલા યુનિટ રેટ મુજબ મરામત કામગીરી હાથ ધરવાની રહેશે.

# નોટબંધી પછી રોજમદારોને રોકડમાં પગાર ચૂકવી મોટો ભ્રષ્ટ્રાચાર કરાયો છે : કોંગ્રેસ

**તમારા શાસનમાં સૌથી વધુ ભ્રષ્ટ્રાચાર થયો છે : જીતુ રાયકા; અખબારી અહેવાલો બાદ તપાસ માટે સૂચના આપી છે એજન્સીનો ખુલાસો : સોંગંધનામા સ્વરૂપે આપ્યો છે તેની ચકાસણી ચાલુ છે : મેયર પ્રવિણ પટેલ : તમારૂ સરનામુ ખોટુ હશે અંકિતભાઈ : મેયર; તંત્ર તમારી આંખ પર પાટા બાંધી રહ્યું છે : શૈલેન્દ્રસિંહ**

ગાંધીનગર, તા. ૧૯

તમારા શાસનમાં સૌથી વધુ ભ્રષ્ટ્રાચાર મનપામાં થયો છે તેવો ગંભીર આક્ષેપ આજે મનપાની સામાન્ય સભામાં કોંગી કાઉન્સીલર જીતુ રાયકાએ કર્યો હતો.

મનપાની સામાન્ય સભામાં કેશલેસ પેમેન્ટ કરનારને વળતર આપવાની દરખાસ્ત પર બોલતાં જીતુ રાયકાએ જણાવ્યુ હતુ કે મેયર તમે કહો છો કંઈક અને કરો છો કંઈક. તમારા શાસનમાં સૌથી વધુ ભ્રષ્ટ્રાચાર થયો છે. નોટબંધી બાદ મનપાની જ એક એજન્સી રૂ. ૨૦૦ લાખનું એડવાન્સ પેમેન્ટ રોજમદારોને રોકડમાં કરે અને છતાં સત્તાવાળાઓ ચૂપકીદી રાખે એ તો હદ કહેવાય. અમે આવો ભ્રષ્ટ્રાચાર શાંખી લઈશુ નહિ અને ભ્રષ્ટ્રાચારીઓને આવુ કરવાની છૂટ પણ આપીશુ નહિ તેમ રાયકાએ જણાવ્યું હતું.

મેયર પ્રવિણ પટેલે આ મુદ્દે સ્પષ્ટતા કરતાં કહ્યું હતુ કે અખબારી અહેવાલો આવતાં જ તપાસ કરવા મેં જણાવ્યુ છે. એજન્સીનો ખુલાસો પણ મંગાવો છે. એજન્સીએ સોંગંધનામા પર તેનો ખુલાસો કર્યો છે અને તેની ચકાસણી ચાલે છે. કોંગીના સભ્યો મેયરના આ જવાબથી સંતુષ્ટ થયા ન હતા. તેમણે કહ્યુ કે સભ્યોની તપાસ સમિતિ બનાવો અને પગલાં ભરો. મેયરે કહ્યુ કે તપાસ થશે જ અને જવાબદાર એજન્સી જણાશે તો તેની સામે કાનૂનની મર્યાદામાં પગલાં લેવાશે એ ચોક્કસ છે. તેમણે સમિતિની રચનાનો ઈન્કાર કર્યો હતો અને જણાવ્યુ હતુ કે તમારી પાસે પુરાવા હોય તો આપો તપાસમાં તે મુદ્દાઓ આવરી લેવાશે.

આ વેળાએ યુવા કાઉન્સીલર અંકિત બારોટે જણાવ્યુ કે નોટબંધી બાદ રોજમદારોને રોકડમાં પગાર ચુકવાયો તે વાતને લઈ મેં પત્ર લખ્યો હતો પરંતુ હજુ જવાબ મળ્યો નથી ત્યારે તમે હવે કયા નવા પુરાવા માંગો છો. પુરાવાના નામે વાત આડે પાટે ચડાવવાનો પ્રયાસ છે. મેયરે એવી સ્પષ્ટતા કરી હતી કે તમને જવાબ આપી દેવાયો છે કદાચ તમે પત્રમાં તમારૂ સરનામુ ખોટુ લખ્યુ હશે તમે તપાસ કરી લેજો અને પછી વાત કરજો.

આ પછી વિપક્ષી નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ જણાવ્યુ કે કાઉન્સીલરને મિટીંગના કાગળો મળે, વાયબ્રન્ટના આમંત્રણ મળે તે બધુ જ જે સરનામા પર મળે તે સરનામુ ખોટુ હોવાનું કહેવુ બરાબર નથી પણ તંત્ર તમારી આંખે પાટા બાંધી રહ્યુ છે. જાગો અને તટસ્થ તપાસ કરાવી પગલાં લો. બે નંબરવાળાઓ સામે પગલાં લેવા માટે વડાપ્રધાન પણ આગ્રહ કરે છે તપાસ માટે તમે આગળ આવો વડાપ્રધાનને ગમશે.

# સે-૭ સરદાર વિદ્યામંદિર ખાતે ચૂંટણી પંચ દ્વારા રસપ્રદ પ્રશ્નોત્તરી કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૯

ભારતીય ચૂંટણી પંચની સૂચનાથી આજ રોજ રાજય ચૂંટણી પંચ અને ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે Interactive School Engagement કાર્યક્રમનું આયોજન સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિર, સેકટર-૭, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ થકી વિદ્યાર્થીઓમાં મતદાર તરીકે નોંધણી કેવી રીતે કરાવવી, મતદાન કેવી રીતે કરવું અને લોકશાહીમાં મતદારો અને મતદાનનું શું મહત્વ છે, જેવી બાબતોની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. તેમજ વિદ્યાર્થીઓના મનમાં રહેલા વિવિધ પ્રશ્નનો ઉકેલ રાજય ચૂંટણી પંચના મુખ્ય નિર્વાચન અધિકારી બી.બી. સ્વેન, અધિક મુખ્ય નિર્વાચન અધિકારી અશોક માણેક અને જિલ્લા કલેકટર સતીશ પટેલ દ્વારા સરળ ભાષામાં દષ્ટાંત પુર્વક આપીને કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમમાં ઉપસ્થિત ભવિષ્યના મતદારો એવા યુવાનો દ્વારા લોકસભા – વિધાનસભાની ચૂંટણી શા માટે યોજાય છે ? મતદાર યાદીમાં અને કાર્ડમાં નવા ઘરનું સરનામું કેવી રીતે ઉમેરી શકાય? સંરપંચનો પગાર કેટલો હોય છે? ભારતીય ચૂંટણી પંચ કેટલા સભ્યનું બનેલું છે? આંખે ન દેખી શકે તેવા વ્યક્તિ કેવી મતદાન કરે છે? જિલ્લામાં ચૂંટણીનું સંચાલન કોણ કરે છે? મતદાન મથક પર લાંબી કટાર હોય તો મહિલાઓને શું સુવિધા મળે છે? બંધારણીય વડા તરીકે રાષ્ટ્રપતિ જ કેમ? જેવા વિવિધ પ્રશ્નો વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા. તમામ પ્રશ્નોના ઉત્તર મુખ્ય નિર્વાચન અધિકારી બી.બી.સ્વેન, અધિક મુખ્ય નિર્વાચન અધિકારી અશોક માણેક, જિલ્લા કલેકટર સતીશ પટેલ, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી વાય.પી. ઠક્કર દ્વારા ખૂબ જ સરળ ભાષામાં આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીની કચેરીના નાયબ મામલતદાર શાહ સહિત કર્મચારીઓએ ભારે જહેમત ઉઠાવી હતી. આ પ્રસંગે ગાંધીનગર મામલતદાર એ.જે. જોષી સહિત વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

# અંદાજપત્ર તૈયાર કરવા નાણાં વિભાગમાં ધમધમાટ

નાણાં વિભાગ દ્વારા અંદાજપત્ર તૈયાર કરવા માટેની કવાયત તેજ બનાવી દીધી છે. જો કે આ વખતે અંદાજપત્રની પધ્ધતિમાં ફેરફાર કરવામાં આવ્યો હોઈ કામગીરીમાં ઘટાડો થયો હોવાનું જાણવા મળે છે.

નાણાં વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ વિધાનસભા અંદાજપત્ર સત્ર આડે હવે માત્ર એક મહિના જેટલો જ સમય બાકી રહ્યો છે ત્યારે નાણાં વિભાગ દ્વારા આગામી વર્ષ ૨૦૧૭-૧૮ના અંદાજપત્રની તૈયારીઓ વેગીલી બનાવી દીધી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજય સરકારે અંદાજપત્રની પધ્ધતિમાં ફેરફારો કર્યા છે અત્યાર સુધી આયોજન બીન આયોજન એ રીતે અંદાજપત્ર તૈયાર કરવામાં આવતું હતું. પરંતુ આ વખતે આ પધ્ધતિમાં ફેરફાર કરીને તેમાં હવે મહેસુલી ખર્ચ અને મૂડી ખર્ચ એ રીતે તૈયાર કરવામાં આવી રહ્યું છે. પ્રાપ્ત વિગતો મુજબ અંદાજપત્રની પધ્ધતિમાં ફેરફાર કરવામાં આવ્યો હોઈ આ વખતે કેટલાક બજેટરી પ્રકાશનો તૈયાર કરવામાં નહીં આવે જેથી આ વખતે અંદાજપત્ર તૈયાર કરવાની કામગીરીમાં ઘટાડો થવા પામશે.

વિધાનસભા સત્ર આડે હવે માત્ર એક મહિનો જ બાકી રહ્યો હોઈ નાણાં વિભાગ દ્વારા અંદાજપત્ર તૈયાર કરવામાં વ્યસ્ત બની ગયું છે અને કામગીરીને વેગવંતી બનાવી દેવામાં આવી છે. સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ નાણાં વિભાગ દ્વારા સંપૂર્ણ બજેટ તૈયાર કરવા માટેની તૈયારીઓ કરી દેવામાં આવી છે પરંતુ છેલ્લી ઘડીએ જો રાજય સરકાર વહેલી ચૂંટણીઓ લાવવાના મૂડમાં હશે તો વોટ એન એકાઉન્ટ પણ આવી શકે તેમ હોઈ નાણાં વિભાગે આ માટેની પણ તૈયારીઓ રાખી હોવાનું જાણવા મળે છે.

# ગાંધીનગર શહેર-ગ્રામ્યના સીનીયર સિટીઝન માટે વિવિધ રમત સ્પર્ધાઓ યોજાશે

ગાંધીનગર, તા. ૧૯

રાજ્ય સરકારના રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર દ્વારા પ્રેરિત અને જિલ્લા રમત-ગમત અધિકારીની કચેરી, ગાંધીનગર દ્વારા આયોજીત ગાંધીનગર શહેર-ગ્રામ્ય કક્ષાની સીનીયર સીટીઝન (૬૦ વર્ષથી ઉપરના) ભાઈઓ-બહેનોની યોગાસન, ચેસ, કેરમ, વોલીબોલ, ટેનિસ ક્રિકેટ, રસ્સાખેંચ, એથ્લેટીક્સ, સ્પર્ધા યોજાનાર છે. ઉપરોક્ત સ્પર્ધામાં ભાગ લેનાર સીનીયર સીટીઝન (૬૦ વર્ષથી ઉપરના) ખેલાડી ભાઈઓ-બહેનોએ અરજી જિલ્લા રમત-ગમત અધિકારીની કચેરી, બ્લોક નં. ૧૯૦/૨, જી-૧ ટાઉપ, સેક્ટર-૩૦, ગાંધીનગર ખાતે તા. ૨૪-૧-૨૦૧૭ સુધીમાં કચેરી સમય દરમિયાન પહોંચાડવાની રહેશે અને અરજી મળે અત્રેથી સ્પર્ધાની તારીખની જાણ કરવામાં આવશે. ભાગ લેનાર તમામ ખેલાડીઓએ દાક્તરી ફીટનેશ પ્રમાણપત્ર અવશ્ય રજૂ કરવાનું રહેશે. વધુ વિગત માટે મો. નં. ૯૭૩૭૧૬૧૧૩૩ ઉપર સંપર્ક કરવાનો રહેશે એમ જિલ્લા રમત-ગમત અધિકારી, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

# પ્રદેશ ભાજપની કારોબારી બેઠક ૨૨મીએ યોજાશે

પ્રદેશ ભાજપની કારોબારી બેઠક આગામી ૨૨મીના રોજ મળનારી છે. જેમાં ભાજપ સંગઠનને મજબૂત બનાવવા ઉપરાંત ભાવી કાર્યક્રમો અંગે ચર્ચા કરવામાં આવનાર હોવાનું જામવા મળે છે. પ્રદેશ ભાજપ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં અને ભાજપના રાષ્ટ્રીય સંગઠક રામ માધવ, વિ. સતીષ અને મુખ્યમંત્રી વિજય રૂપાણીની ઉપસ્થિતિમાં આગામી ૨૨મીના રોજ પ્રદેશ ભાજપ કમલમ કાર્યાલય ખાતે પ્રદેશ કારોબારીની બેઠક મળનારી છે. આ બેઠકમાં રાજ્યમાં ભાજપ સંગઠનને મજબૂત બનાવવા માટે તેમજ ભાજપ પક્ષ દ્વારા નક્કી કરવામાં આવેલા કાર્યક્રમો રાજ્યમાં હાથ ધરવા માટે ચર્ચાઓ કરવામાં આવશે અને આ કાર્યક્રમો જાહેર કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

## કંપની સમાચાર

### સેમસંગે ગેલેક્સી C9 પ્રો સ્માર્ટફોન લોંચ કર્યો

સેમસંગ ઈન્ડિયાએ આજે તેના સંપૂર્ણપણે નવા સ્માર્ટફોન પાવરહુસ ગેલેક્સી C9 પ્રો લોંચ કરવાની જાહેરાત કરી હતી. સંપૂર્ણપણે મેટલ યુનિબોડી ધરાવતો આ સ્માર્ટફોન અભૂતપૂર્વ ફિચર્સ ધરાવે છે, જે પોતાના સ્માર્ટફોનમાં શ્રેષ્ઠ ફિચર્સ ધરાવવા ઈચ્છતા ગ્રાહકો માટે બનાવવામાં આવેલ છે.

ગેલેક્સી C9 પ્રો સુપર સ્ક્રીન, સુપર મેમરી, સુપર બેટરી અને સુપર કેમેરા જેવી ખાસિયતો ધરાવે છે, જે ગ્રાહકને શ્રેષ્ઠ વ્યૂંઈગ, લાંબો સમય ચાલતી બેટરી અને કેમેરાનો શ્રેષ્ઠ અનુભવ પૂરો પાડે છે.

સેમસંગ ઈન્ડિયાના મોબાઈલ બિઝનેસ વાઈસ પ્રેસિડન્ટ મનુ શર્માએ કહ્યું હતું કે, "ભારત સૌથી વધુ ઝડપથી વૃદ્ધિ પામતું સ્માર્ટફોન બજાર પૈકીનું એક છે. ગ્રાહકનો પ્રવાહ સૂચવે છે કે વધુને વધુ યુઝર્સ મોટા સ્ક્રીન ધરાવતા સ્માર્ટફોન ધરાવે છે. ઉપરાંત પોતાનો બીજો અને ત્રીજો સ્માર્ટફોન ધરાવતા ભારતીય યુઝર્સની જરૂરિયાતો બદલાઈ છે અને તેઓ સ્માર્ટફોનમાં વધારે ખાસિયતો ઈચ્છે છે. ગેલેક્સી C9 પ્રો પ્રસ્તુત કરીને અમે અમારા ગ્રાહકોને શ્રેષ્ઠ ખાસિયતો અને ટેકનોલોજી પૂરા પાડવાની પ્રતિબદ્ધતા જાળવી રાખીશુ." તેમણે વધુમાં ઉમેર્યું હતું કે ગેલેક્સી C9 પ્રો. પોતાની ૬" ફૂલ એચડી એમોએલડી ડિસ્પ્લે સાથે શ્રેષ્ઠ મલ્ટિમીડિયા અનુભવ આપે છે. ત્યારે આધુનિક પ્રોફેસર, બેટરીની શ્રેષ્ઠ ક્ષમતા અને સ્ટોરેજ પ્રદાન કરે છે. સૌથી વધુ મહત્વપૂર્ણ બાબત એ છે કે તે એફ1.9 લેન્સ સાથે શ્રેષ્ઠ 16 એમપી ફ્રન્ટ અને રિઅર કેમેરા સાથે યુઝર્સને ઓછા પ્રકાશમાં પણ શ્રેષ્ઠ ફોટો ખેંચવામાં મદદ કરશે."

## તન દુરસ્તી ● ૪ પાનાનું ચાલુ...

તમારી વાત સાચી છે લોહીના કોઈ પૈસા ના હોય લોહી અમૂલ્ય છે. જેની કીમત આંકી સકાય નહિ અને લોહીની કીમત કોઈ કરી જ ના શકે. લોહી થી ડોનર માં કોઈ પણ રોગ છે કે નહિ એની તપાસ કરવાની હોય છે જેવી કે HIV, HBSAG , HCV, VDRL,HB, BLOOD GROUP, મલેરિયા આ ટેસ્ટ કરવા ફરજીયાત હોય છે આ ટેસ્ટના પૈસા BLOOD BANK વાળા લેતા હય છે પ્રભુદાસ ભાઈ પહેલા લોહી લઈ આવો પછી હું તમને બધું સમજાવું છું, તમારે જીવાવવું હોય તો લોહી લેવુજ પડશે. આડા અવળા સવાલ કર્યા વગર પહેલા જીવન જીવવા માટે મથો, લોહીન લઈ આવો પછી બધું આવતા અંકે સમજાવીશ.

મુજાવતા પ્રશ્નો માટે -

- sgpathlab@gmail.com

# કલોલથી આદરજ મોટીની મીટરગેજને બ્રોડગેજમાં રૂપાંતર કરવા માંગ

કલોલથી આદરજ મોટી સુધી મીટરગેજ લાઈનને બ્રોડગેજમાં ફેરવતાં આદરજ મોટીથી વિજાપુર મીટરગેજ લાઈન પડી રહી છે. આ મીટરગેજ લાઈનને બ્રોડગેજમાં ફેરવવા માટે કિસાનનગર વસાહત મંડળના પ્રમુખ પ્રો. ડાહ્યાભાઈ પટેલ, દ્વારા જે તે વખતના વડાપ્રધાન, રેલવેમંત્રી અને સંબંધિત સાંસદોને પત્રો દ્વારા વારંવાર લેખીત માંગણી કરવામાં આવી હતી. પરંતુ સાંસદ અડવાણીજી સિવાય કોઈનો પણ જવાબ ન મળતા વસાહતીઓમાં હેરાનગતી જોવા મળે છે. આ લાઈન ઉપર દોડતી ગાડીઓનો લાભ મહેસાણા અને ગાંધીનગર જિલ્લાની જનતા મોટા પાયા ઉપર લેતી હતી. પરંતુ ગેજ બદલાતા આ લાભ અપ્રાપ્ય બન્યો છે. ત્યારે આગામી બજેટમાં આદરજ મોટીથી વિજાપુર સુધીની મીટરગેજ લાઈનનું બ્રોડગેજ લાઈનમાં રૂપાંતર કરવામાં આવે તેવી મહેસાણા અને ગાંધીનગરની જનતાએ માગ કરી છે.

## ટૂંકી જાહેર નિવિદા

**મશીન અને બાઈન્ડીંગ શાખાની કામગીરી માટે કુશળ - બિનકુશળ શ્રમયોગીઓની સેવા પૂરી પાડવા અંગે**

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ઘ-૭ સર્કલની નજીક, સેક્ટર-૨૯, ગાંધીનગર ખાતે ટેકનીકલ કુશળ શ્રમયોગીઓ ૨૦ (મશીન અને બાઈન્ડીંગ શાખા માટે) અને ૦૬ બિનકુશળ શ્રમયોગીઓ એક માસ માટે પુરા પાડવા અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સી પાસેથી ઠરાવેલ ટેન્ડર ફોર્મ સીલબંધ કવરમાં મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડર ફોર્મ ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧-૦૦ થી ૧૭-૦૦ કલાક દરમિયાન તા. ૪/૨/૨૦૧૭ સુધીમાં અરજી સાથે રૂ. ૫૦૦-૦૦ (પરત નહીં ચૂકવવાપાત્ર) ટેન્ડર ફીની ચુકવણી કર્યેથી રૂબરૂ મેળવી શકાશે.

સહી/-
શ્રેયાન વ્યવસ્થાપક
સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર

માહિતી/૨૫૩૫/૧૬-૧૭










